FILE NO.FRC/PRO./2022-23/BVN/BVN/ 141 DT.13/3/2023


ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ, પ્રિન્સિપાલ બંગલો

એ.વી.પી.ટી.આઈ- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ,

હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ, રાજકોટ-360001

ટેલીફોન નં (02812461377) ઇ-મેઈલ-frcrajkotzone@gmail.com


ફાતિમા કોન્વેન્ટ પબ્લિક સ્કુલ
મેરૂ બાગ,ઘોઘા રોડ,
ભાવનગર-364001
EMAIL-fatcopub@gmail.com

24140506650

## નિર્ણય

૧. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડએકાઉન્ટન્ટ શ્રી જી.બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓ એ સહી કરેલ છે.

૨. કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરીટી સોસાયટી સંચાલિત ફાતિમા કોન્વેન્ટ પબ્લિક સ્કુલ અંગ્રેજી માધ્યમ સ્કુલમાં ધોરણ:1-8 તથા 9-11-12 વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.

3. શાળાએ વર્ષ 2022-23, 2023-24, 2024-25 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.

૪. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD | MED | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|
| 1 | ENG | 26334 | 28967 | 31864 |
| 2 | ENG | 29961 | 29657 | 32623 |
| 3 | ENG | 27610 | 30371 | 33408 |
| 4 | ENG | 28270 | 31097 | 34207 |
| 5 | ENG | 28875 | 31763 | 34939 |
| 6 | ENG | 27720 | 30492 | 33541 |
| 7 | ENG | 30800 | 33880 | 37268 |
| 8 | ENG | 32010 | 35211 | 38732 |
| 9 | ENG | 36410 | 40051 | 44056 |
| 10 | ENG | 38610 | 42471 | 46718 |
| 11sci | ENG | 71500 | 78650 | 86515 |
| 12sci | ENG | 73700 | 81070 | 89177 |

૫. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે તથા શાળામાં ચાલતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ રજૂ કરેલ છે.

૬. શાળા મંજૂરી હુકમ તેમજ વર્ગ મંજુરીના હુકમો તથાવર્ષ 2021-22 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. ટ્રસ્ટનો નોંધણી નો દાખલો રજૂ થયેલ છે.

૭. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

૮. શાળા રજુ કરેલ વર્ષ 2021-22 ના હિસાબો નીચેની વિગતો નોંધનીય છે. જે લાખમાં દર્શાવેલ છે.

**1-8 & 11-12 SCI**

| આવક-ખર્ચ | 2021-22 |
|---|---|
| FEES INCOME | 139.46 |
| INTREST INCOME | 0.41 |
| OTHER INCOME | 0.01 |
| TOTAL INCOME | 139.88 |
| MU.TAX | 7.85 |
| SALARY | 81.86 |
| GEN.EXP. | 1.49 |
| CELEBRATION EXP. | 0.31 |
| TRAVELLING | 0.52 |
| COMPUTER MAINT. | 1.19 |
| GRATU.FUND EXP. | 4.00 |
| RENT TO MERIBAG SEC. | 2.40 |
| TOTAL EXP. | 118.50 |
| PROFIT/LOSS | +21.38 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

૯. શાળા તરફથી રજૂ થયેલ વિગતમાં શાળામાં વર્ષ 2021-22માં વિદ્યાર્થીઓની સંખ્યા, વર્ગની સંખ્યા તથા શિક્ષકોની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| વર્ષ | ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગની સંખ્યા |
|---|---|---|---|---|
| 2021-22 | 1-8 | 464 | 23 | 16 |
| | 9-10,11-12 | 63 | | 4 |

૧૦. કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરિટી સોસાયટી ભાવનગર સંચાલિત ફાતિમા કોન્વેન્ટ પબ્લિક સ્કુલ ભાવનગરમાં પ્રાઇમરી વિભાગ, માધ્યમીક વિભાગ તથા ઉચ્ચ માધ્યમિક વિભાગ અંગ્રેજી માધ્યમની વર્ષ 2022- 2023 થી 2024- 2025 ની ફી નિર્ધારીત કરવા અલગ અલગ દરખાસ્ત રજૂ થયેલ છે. પરંતુ બંને શાળા ના ડાયસ કોડ સમાન હોવાથી તેમજ તમામ વિભાગ ના સયુંકત હિસાબ હોવાથી બંને દરખાસ્તમાં સદર હુકમથી સંયુક્ત હુકમ કરવામાં આવે છે.

૧૧. પગાર ખર્ચ રૂ.81.86 લાખ દર્શાવેલ છે. તમામ વિભાગનો મળીને શાળામા 20 વર્ગ અને 23 શિક્ષકો છે. જે તમામ તાલીમી શિક્ષકો છે. સદર શાળામાં સ્ટાફ ની સંખ્યા ધ્યાને લેતા આકારવામાં આવેલ પગાર ખર્ચ મજરે આપવામાં આવે છે.

પગાર ખર્ચ ઉપરાંત દર્શાવેલ મ્યુનિસિપલ ટેક્સ, એજ્યુકેશનલ ખર્ચ, જનરલ રીપેરીંગ ખર્ચ, ટ્રાવેલિંગ ખર્ચ, સેલિબ્રેશન ખર્ચ, મેન્ટેનન્સ ખર્ચ,ગ્રેજ્યુએટી ફંડ ખર્ચ વગેરે વ્યાજબી જણાય છે. તે તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે.

વર્ષ 2021- 2022 માં પગાર ખર્ચ 81.86 છે જ્યારે વર્ષ 2022-2023 માં શાળાએ રજૂ કરેલ સેલરી સીટને ધ્યાને લેતા વાર્ષિક પગાર ખર્ચ 70.92 લાખ જણાય છે.

વધુમાં ફિઝિક્સ ટીચર નો પગાર ઘટેલ છે. તે ઘટેલ પગાર ખર્ચ મુજબ શાળા ને 2.44 લાખ નું સેવિંગ જણાય છે. શાળાએ ત્રણ વર્ષથી સેલરી માં વધારો કરેલ નથી તેવી લેખિત રજૂઆત કરેલ છે.વધુમાં રજૂઆત કરેલ છે કે વિદ્યાર્થી ઓ ની સંખ્યા માં ઘટાડો થયો છે જેથી તેટલી આવક નું નુકસાન થયેલ છે. શાળામાં યોગા, કરાટે, સ્કેટિંગ,પ્રાણાયામ, મેડિટેશન વિગેરે પ્રવૃત્તિ ઓ થાય છે. તેમજ આ સંસ્થામાં સમર્પિત ભાવે કેટલાક સેવા આપે છે. તેવી પણ રજૂઆત કરેલ છે.

૧૨ શાળાએ રજૂ કરેલ વર્ષ 2021-2022ના કુલ ખર્ચ આધારિત વિદ્યાર્થી ની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થી દીઠ ખર્ચ 22486 જણાય છે.શાળાએ 21.38 લાખ નો આવકમાં ખર્ચ કરતા વધારો થયેલ છે જેથી સરપ્લસ મળી શકે નહિ પરંતુ શાળાની રજૂઆત,વિદ્યાર્થીની સંખ્યા માં ઘટાડો વિગેરે ધ્યાને લેતા શાળા એ 10%વધારો માંગેલ છે પરંતુ 5% વધારો માન્ય કરવા પાત્ર છે.

જેથી વર્ષ 2022-2023 થી 2024-2025ની ફી નીચે મુજબ મંજૂર કરવામાં આવે છે.

| STD | MED | PREVIOUS FEES APPROVED BY FRC 2021-22 | FEES APPROVED BY FRC 2022-23 | FEES APPROVED BY FRC 2023-24 | FEES APPROVED BY FRC 2024-25 |
|---|---|---|---|---|---|
| 1 | ENG | 23940 | 25140 | 26900 | 28780 |
| 2 | ENG | 24510 | 25740 | 27540 | 29470 |
| 3 | ENG | 25100 | 26350 | 28200 | 30180 |
| 4 | ENG | 25700 | 26980 | 28870 | 30890 |
| 5 | ENG | 26250 | 27560 | 29500 | 31550 |
| 6 | ENG | 25200 | 26450 | 28300 | 30280 |
| 7 | ENG | 28000 | 29500 | 31550 | 33750 |
| 8 | ENG | 29100 | 30550 | 32690 | 34980 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 9 | ENG | 33100 | 35000 | 37550 | 40200 |
| 10 | ENG | 35100 | 37000 | 39600 | 42500 |
| 11sci | ENG | 65000 | 68250 | 73000 | 78100 |
| 12sci | ENG | 67000 | 70350 | 75300 | 80580 |

ઉપરોક્ત ધો. 11-12 વિજ્ઞાન પ્રવાહ ફીમાં JEE/NEET ની ફીનો ,એક્સ્ટ્રા કોચિંગ, ફૂલ-ડેની ફી બસ ફીનો, ફૂડ ફીનો સમાવેશ કરવામાં આવેલ નથી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧૩ શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન ૩૦માં અત્રે રજુ કરવાનુ રહેશે તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેને વસૂલ મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન - ૩૦માં રજુ કરવાનુ રહેશે.

૧૪. ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાના કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

૧૫. સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

૧૬. ફિ નિયમન સમિતિએ નક્કી કરેલ કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા વાલીને દિન ૩૦માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

૧૭ શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો ફી નિયમન અધિનિયમ ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૮. નિયત કરેલ સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે

FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

૧૯. આ હુકમથી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યા ના દિવસ 21માં ફી રિવિઝન કમિટી,બ્લોક-1 વિંગ B-1 છઠો માળ કર્મયોગી ભવન સેક્ટર-10 ગાંધીનગર ખાતે રિવિઝન કરી શકાશે.

Sd/-

અધ્યક્ષ

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.

(નિવૃત જિલ્લા ન્યાયધીશ )

ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)

ફરજ પરના અધિકારી

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ